જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૮/૨૦૧૭ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૫૯૪/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૭૫ કેસ કરી ૬૧ વ્યક્તિઓને ઝડપી, ૩૮૩ લીટર દેશી દારૂ, ૭૯૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૯૨ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૯૬ બિયરટીન ૦૧ ઓટોરીક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૭ કેસ કરી ૪૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૭,૬૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫૯૫/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડ ચોરી :- સમાચાર યાદી નં.૧૫૯૬/૧૭

**એલીસબ્રીજ :** જતીનભાઇ ગુલાબભાઇ પારેખ (ઉ.વ.૬૦)(રહે,ટુ નાઇન ફ્લેટ, લલ્લુભાઇ પાર્ક સેન્ટ જેવીયર્સ કોલેજ સામે નવરંગપુરા) એ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૦૮/૧૭ રાતના ૮/૦૦ થી તા.૬/૮/૧૭ સવારનાં ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન પરીમલ ચાર રસ્તા ખાતે આવેલ દેવ કોમ્પલેક્ષ ઓફીસ નંબર FF/1 પહેલો માળ ટ્રાયડેન ક્રિયેશન પ્રા.લિ.કંપની ખાતે અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, ઓફીસના ટેબલના ડ્રોવર તોડી, તેમાંથી અલગ-અલગ દરની ચલણી નોટો આશરે કુલ રૂપિયા ૧,૯૦,૦૦૦/- ની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી ડી.ડી.વસાવા ચલાવે છે.

**નારણપુરા :** રાકેશભાઈ વિષ્ણુભાઈ પટેલ (ઉ.વ.૩૯)(રહે,ભાગ્યલક્ષ્મી રો હાઉસ આર.સી.ટેકનિકલ કોલેજની બાજુમા સોલા) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૦૮/૧૭ રાતના ૯/૩૦ થી તા.૬/૮/૧૭ સવારનાં ૯/૩૦ વાગ્યા દરમ્યાન નારણપુરા મનિષ હોલની બાજુમા આવેલ બ્રહ્માકુમારી રાજયોગની નીચે આવેલ વારાહી સ્ટોર નામની પોતાની દુકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, દુકાનમાંથી સિગારેટના ૭૫૦ પેકેટ કુલ કિંમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- તથા સી.સી.ટી.વી.કેમેરાનું ડીવીઆર કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ કિંમત રૂપિયા ૧,૬૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી આર.એલ.પારગી ચલાવે છે.

નજર ચુકવી ચોરી :- સમાચાર યાદી નં.૧૫૯૭/૧૭

**કાલુપુર:** રમેશભાઇ બુલચંદભાઇ લાલવાણી(રહે,શિલ્પા સોસાયટી, 'ડી' કેબીન સાબરમતી) એ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૦૫/૧૭ સાંજના ૭/૪૫ વાગ્યા થી રાતનાં ૯/૦૦ વાગ્યા સુધીનાં સમયગાળા દરમ્યાન B.B.C. માર્કેટમાં આવેલ દુકાન નં૨૧૬ શ્રી નારાયણ નામની પોતાની દુકાન આગળની લોબી માંથી કોઇ અજાણી વ્યક્તિ રમેશભાઇની નજર ચુકવી કુર્તી કાપડના અલગ-અલગ દરનાં કુલ નંગ૧૦૪ ભરેલ પાર્સલ કુલ કિંમત રૂપિયા ૪૪,૯૮૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી ઝીણાભાઇ ધુળાભાઇ ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુ:- સમાચાર યાદી નં.૧૫૯૮/૧૭

**ચાંદખેડા :** કાળીદાસ નથ્થુભાઇ પરમાર (ઉ.વ.૭૦)(રહે,રત્નકળશ ડુપ્લેક્ષ, એ.એમ.ટી.એસ.બસ સ્ટેન્ડ પાસે ચાંદખેડા) તા.૦૫/૦૮/૧૭ બપોરનાં ૩/૪૫ વાગ્યાના સુમારે સાબરમતી વિસત હાઈવે, વિસત સર્કલ પાસે BRTS બસ સ્ટેન્ડ ની બાજુમાંથી ચાલતાં પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક એસ.ટી.બસ નંબર જીજે.૧૮.૯૦૭૬ નાં ચાલકે પોતાના કબ્જાની બસ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી લાવી, કાળીદાસને ટક્કર મારતાં, તેમને શરીરે ગંભીર ઇજાઓ થતાં, સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કર્યા હતા જ્યાં સારવાર દરમ્યાન સાંજનાં ૬/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુઆ ગુનાની ફરીયાદ મૃત્યુ પામનાર કાળીદાસનાં દિકરા અમિતભાઇએ ચાંદખેડાપોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.કે.બાંગા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.